ભારતીય જનતા પક્ષ

(કેન્દ્રીય કાર્યાલય)

11, અશોક રોડ, નવી દિલ્હી - 110001

ફોન : 23005700; ફેક્સ: 23005787

# ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા અને સાંસદ

# શ્રી પ્રકાશ જાવડેકરનું પ્રેસ વક્તવ્ય

1. ભાજપે વડા પ્રધાનપદના ઉમેદવાર શ્રી નરેન્દ્ર મોદી દ્વારા મુદ્રિત ભાજપના આર્થિક વિઝન સાથેની આર્થિક રૂપરેખા પર ખુલ્લી ચર્ચા કરવા કોંગ્રેસ પક્ષને પડકાર ફેંક્યો છે. કોંગ્રેસ હંમેશા નરેન્દ્ર મોદીના ભાષણના મુદ્દાઓમાંથી દોષ કાઢવા તત્પર હોય છે, પણ શ્રી મોદી દ્વારા મુદ્રિત વિઝન પછી કોંગ્રેસ પક્ષ અચાનક શાંત થઈ ગયો છે.

તેમણે અર્થતંત્રને ફરીથી ધબકતું કરવા માટે ઘણા વિચારો રજૂ કર્યા છે. મૂડીરોકાણોને ખેંચી લાવવાના મુખ્ય સાધન તરીકે વિશ્વસનીયતા વધારવાની આવશ્યકતા પર તેમણે ભાર મૂક્યો છે. તેમણે સુશાસનના સિદ્ધાંતો સાથે ઝડપી નિર્ણયો લેવા પર પણ ભાર મૂક્યો છે. નિતીઓનો અમલ નિતીવિષયક જાહેરાતો કરતાં વધુ મહત્વની બાબત છે. વિકાસ લોકોની ચળવળ બની શકે છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કૌશલ્ય વિકાસમાં જાહેર મૂડીરોકાણ દ્વારા રોજગારી સર્જન કરવાની જરૂરિયાત દર્શાવવામાં આવી છે. પરિસ્થિતિ અને માંગના આધારે લોકશાહીનો લાભ ઊઠાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

નવી દિલ્હીમાં શ્રી મોદીએ ત્રણ વક્તવ્યોમાં તેમણે યુપીએ સરકારની નિષ્ફળતાનો મુદ્દો ઊઠાવ્યો હતો અને અર્થતંત્રના પુનરુત્થાન માટેની દિશાનો ઉલ્લેખ કર્યો હતો. કોંગ્રેસમાં હિંમત હોય તો શ્રી મોદીના મુદ્રિત વિચારો પર ચર્ચા કરવાનો પડકાર સ્વીકારે.

2. નૌકાદળમાં છેલ્લા 10 મહિનામાં સર્જાયેલા 10 અકસ્માતો નૌકાદળ કેવી ખરાબ હાલતમાં છે તે બતાવે છે. આ બાબતની જવાબદારી યુપીએ સરકારની છે. સરકારે સતત સંરક્ષણ દળોની મહત્વપૂર્ણ બાબતોની ઉપેક્ષા જ કરી છે. નૌકાદળના વડાએ રાજીનામું આપ્યું છે. સંરક્ષણ પ્રધાને કહ્યું છે કે નૌકાદળના વડા અકસ્માતોની દુ: ખદ ઘટનાઓથી વ્યગ્ર છે. હકીકતમાં સમગ્ર જવાબદારી સંરક્ષણ મંત્રાલયની છે. રાષ્ટ્ર વડાપ્રધાન અને સંરક્ષણ મંત્રાલયને પુછે છે કે દેશના જાનમાલને નુકસાન થવા છતાં શા માટે પગલાં લેવામાં આવ્યા નહિ? સંરક્ષણ મંત્રાલયે તેની નૈતિક જવાબદારી સ્વીકારવી જોઈએ અને તાબડતોબ રાજીનામું આપવું જોઈએ. નૌકાદળના બે બહાદુર અધિકારીઓના મૃત્યુથી ભાજપ શોકાતુર છે.

નૌકાદળ માટેના બજેટ ફાળવણીની ચર્ચા અને નૌકાદળ માટે સાધનોની ફાળવણીના વિવિધ અહેવાલોમાં સંરક્ષણની સ્ટેન્ડિંગ કમિટીએ ધ્યાન દોર્યું હતું. ઘણી સબમરીન 25 વર્ષથી વધુ જૂની હોવાથી જર્જરિત હાલતમાં છે. સરકારે નવી સ્કોર્પીન સબમરીન લેવાનું નક્કી કર્યું. પણ તેની ખરીદીમાં સરકાર નિષ્ફળ નીવડી. નૌકાદળના નિયમિત નિભાવ અને ઘણા જરૂરી સાધનોની જાળવણી માટે પૂરતા ભંડોળની આવશ્યકતા હોય છે. કરારમાં વિલંબ અને સમારકામ દ્વારા કરેલી સુસજ્જતા "સિંધુ રત્ન"ના તાજેતરના દુ:ખદ અકસ્માતમાં કારણભૂત હતા. કેગ દ્વારા વર્ષ 2008-09 અને 2010-11ના અહેવાલોમાં આ ખામીઓ પ્રત્યે ધ્યાન દોરવામાં આવ્યું હતું.

(એન્જિ. અરુણકુમાર જૈન)

કાર્યાલય મંત્રી